રામનાથ સ્મશાનમાં ગંદકી અને ભંગારનું સામ્રાજ્ય

ગાજરાવાડીના સ્મશાનમાં અંતિમ ક્રિયામાં પણ 'અગ્નિપરીક્ષા'!

લીલા લાકડાથી ચિતા સળગતી નથી અને તરસ છિપાવવા પાણી નથી

પાલિકાના 7500 ના વહીવટ સામે શોકમગ્ન સ્વજનોનો ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.22

સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરમાં જીવતા નરક જેવી સ્થિતિ બાદ હવે અંતિમ સંસ્કાર માટે પણ નાગરિકોને હાલાકી ભોગવવી પડી રહી છે. શહેરના ગાજરાવાડી વિસ્તારમાં આવેલા રામનાથ સ્મશાનમાં પાયાની સુવિધાઓના અભાવે અંતિમ ક્રિયા માટે આવતા પરિવારોએ ભારે નારાજગી વ્યક્ત કરી તંત્ર સામે સવાલો ઉઠાવ્યા છે.

સ્મશાનમાં અંતિમ સંસ્કાર માટે આપવામાં આવતા લાકડા સંપૂર્ણપણે લીલા અને ભીના હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. શોકમગ્ન સ્વજનોએ જણાવ્યું હતું કે, લાકડા ભીના હોવાથી ચિતા યોગ્ય રીતે સળગતી નથી, જેના કારણે અંતિમ વિધિમાં કલાકોનો વિલંબ થાય છે. લોકોએ આક્રોશ સાથે પૂછ્યું હતું કે, "જો પાલિકા લાકડા પૂરા પાડતી હોય, તો શું અમારે હવે ચિતા સળગાવવા માટે ઘરેથી પેટ્રોલ કે કેરોસીન લઈને આવવાનું? અધૂરી ચિતા સળગે તે મૃતકનું અપમાન છે."

સ્મશાન પરિસરમાં અનેક જગ્યાએ કાટમાળ અને ભંગારના ઢગલા પડ્યા છે. યોગ્ય સફાઈના અભાવે અહીં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું છે, જેના કારણે અંતિમ યાત્રામાં આવેલા સગા-સંબંધીઓને ઊભા રહેવામાં પણ તકલીફ પડી રહી છે. વડોદરા મહાનગરપાલિકા સ્મશાન ચલાવતા કોન્ટ્રાક્ટર કે સંસ્થાને એક ચિતા દીઠ આશરે 7,500 ચૂકવે છે. આટલી મોટી રકમ ચૂકવવા છતાં પાયાની સુવિધાઓ કેમ નથી? પાલિકાના અધિકારીઓ આ કામગીરીનું નિરીક્ષણ કેમ કરતા નથી? જે સંસ્થાને જવાબદારી સોંપવામાં આવી છે તે માત્ર નફાખોરી કરી રહી છે અને લોકોની લાગણી સાથે રમત રમી રહી છે. સ્થાનિકો અને મૃતકોના સ્વજનોએ માંગ કરી છે કે પાલિકા તાત્કાલિક ધોરણે આ મામલે તપાસ કરે અને બેદરકાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરી સ્મશાનમાં સુવિધાઓ સુનિશ્ચિત કરે.

ખોડિયાર નગરમાં AHTU ની ટીમે સ્પા માલિક અને મેનેજરને સકંજામાં લીધા

વેરિફિકેશન વગર મિઝોરમ અને MPની યુવતીઓ પાસે કામ કરાવતા સ્પા માલિક-મેનેજર સામે ગુનો

(પ્રતિનિધિ) વડોદરા તા.22

શહેરના ખોડિયાર નગર વિસ્તારમાં આવેલા એક સ્પામાં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા આકસ્મિક દરોડા પાડવામાં આવ્યા હતા. આ તપાસ દરમિયાન સ્પા સંચાલકો દ્વારા પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ થતો હોવાનું બહાર આવ્યું છે. પરપ્રાંતીય યુવતીઓને કામે રાખવા છતાં તેમનું પોલીસ વેરિફિકેશન ન કરાવતા પોલીસે સ્પા માલિક અને મેનેજર વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટનો સ્ટાફ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, ત્યારે તેમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે ખોડિયાર નગર ચાર રસ્તા પાસે આવેલા 'અર્થ આઈકોન' કોમ્પ્લેક્સના બીજા માળે 'જેપ પ્રીમિયમ સ્પા' ચાલી રહ્યું છે. આ સ્પામાં પરપ્રાંતીય યુવતીઓ પાસે કામ કરાવવામાં આવે છે અને નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે.

બાતમીના આધારે પોલીસે જ્યારે સ્પામાં તપાસ હાથ ધરી ત્યારે ત્યાંથી મેનેજર જીગ્નેશ વીસાભાઈ લીમ્બાચીયા મૂળ રહે. શિવ શક્તિ એપાર્ટમેન્ટ, ચાંદલોડિયા, અમદાવાદ, મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ સ્પાનો અસલી માલિક વિજયભાઈ છે. તપાસ દરમિયાન સ્પામાંથી બે યુવતીઓ મળી આવી હતી, જે પૈકી એક યુવતી મિઝોરમની વતની છે. બીજી યુવતી મધ્યપ્રદેશની વતની છે. આ યુવતીઓની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તેઓ છેલ્લા 15 દિવસથી આ સ્પામાં નોકરી કરી રહી છે. વેરિફિકેશન વગર યુવતીઓને રાખવામાં આવી હોવાથી, પોલીસે સ્પાના માલિક વિજયભાઈ અને મેનેજર જીગ્નેશ લીમ્બાચીયા સામે ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.

હાઈવે પર રોંગ સાઈડ અને આડેધડ પાર્કિંગ બદલ વાહનચાલકો દંડાયા

પોલીસ કમિશનરની સૂચનાથી હાઈવે અને સર્વિસ રોડ પર મેગા ડ્રાઈવ, 4 ભારદારી વાહનો ડીટેઈન

(પ્રતિનિધિ) વડોદરા. તા.22

વડોદરા શહેરમાંથી પસાર થતા નેશનલ હાઈવે અને સર્વિસ રોડ પર વારંવાર સર્જાતા જીવલેણ અકસ્માતોને રોકવા માટે વડોદરા શહેર પોલીસ એક્શન મોડમાં આવી છે. પોલીસ કમિશનરના આદેશથી આજે પૂર્વ ઝોન ટ્રાફિક શાખા દ્વારા હાઈવે પર સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરી નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો પર તવાઈ બોલાવવામાં આવી હતી. પોલીસની આ કાર્યવાહીમાં મુખ્યત્વે હાઈવે પર આડેધડ પાર્ક કરેલા વાહનોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જે અકસ્માતનું મુખ્ય કારણ બને છે. નો-પાર્કિંગ' અને સર્વિસ રોડ પર અડચણરૂપ ઉભેલા વાહનો વિરુદ્ધ સૌથી મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં 264 વાહન ચાલકો ને ઈ-ચલન ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. ટ્રાફિકમાં અવરોધ ઉભો કરતા અને કાયદાકીય કાગળોના અભાવે 04 ભારદારી વાહનો (ટ્રક/કન્ટેનર) ને સ્થળ પર જ ડીટેઈન કરવામાં આવ્યા હતા. જીવના જોખમે રોંગ સાઈડમાં વાહન ચલાવતા 09 ચાલકોને ઈ-ચલણ ફટકારી કડક ચેતવણી આપવામાં આવી હતી. પ્રતિબંધિત સમય કે માર્ગ પર વાહન લાવનારા 06 ચાલકો સામે જાહેરનામા ભંગની કાર્યવાહી કરાઈ હતી.

ઘર પાસે રમતા બાળકોને કપિરાજે બચકાં ભરી લોહીલુહાણ કર્યા

દુમાડ પાસે મારુતિવિલા સોસાયટીમાં વાનરોનો આતંક, બે બાળકો પર હુમલો

એક બાળકને વધુ ઇજા પહોંચતા સયાજી હોસ્પિટલમાં ખસેડાયો

(પ્રતિનિધિ) વડોદરા. તા.22

શહેરના છેવાડે આવેલા દુમાડ ગામ પાસે આવેલી મારુતિવિલા સોસાયટીમાં રવિવારે કપિરાજના હુમલાની એક ભયાનક ઘટના સામે આવી છે. સોસાયટીમાં ઘર પાસે રમી રહેલા બે બાળકો પર અચાનક વાનરસેનાએ હુમલો કરી દેતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મારુતિવિલા સોસાયટીમાં રહેતા બે બાળકો પોતાના ઘરના આંગણામાં રમી રહ્યા હતા. આ દરમિયાન અચાનક ધસી આવેલા કપિરાજે બાળકો પર હિંસક હુમલો કર્યો હતો. વાનરોએ બાળકોને શરીરના ભાગે આડેધડ બચકાં ભરી લેતા બાળકોએ ચીસાચીસ કરી મૂકી હતી. બાળકોનો અવાજ સાંભળી આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને વાનરોને ભગાડ્યા હતા. આ હુમલામાં બંને બાળકો ઘાયલ થયા છે, જે પૈકી એક બાળકની ઈજાઓ ગંભીર જણાતા તેને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ (SSG) ખાતે ખસેડવામાં આવ્યો છે. હાલ ત્યાં બાળકની સારવાર ચાલી રહી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વાનરોનો ત્રાસ વધી રહ્યો છે. આ હિંસક હુમલા બાદ સોસાયટીના રહીશોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. વાલીઓ હવે બાળકોને ઘરની બહાર મોકલતા પણ ડરી રહ્યા છે. રહીશોએ માંગ કરી છે કે વન વિભાગ દ્વારા તાત્કાલિક પાંજરું મૂકીને આ હિંસક વાનરોને પાંજરે પૂરવામાં આવે જેથી વધુ કોઈ મોટી હોનારત સર્જાય નહીં.

ક્રિપ્ટોમાં રોકાણના બહાને 2 કરોડની લૂંટના ગુનામાં વોન્ટેડ આરોપી ઝબ્બે

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

સુરત ખાતે ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાના બહાને પૂર્વ આયોજિત કાવતરું રચી રૂપિયા બે કરોડની થયેલી લુટના ગુનામાં સંડોવાયેલા અને છેલ્લા ચાર વર્ષથી નાસ્તા ફરતા આરોપી સમીર વોરાને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે આણંદ ખાતેથી ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે સુરત પોલીસને સોંપવામાં આવ્યો હતો.

સુરત શહેરના વરાછા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુના મુજબ ફરિયાદીને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનું હોય આરોપીઓએ કમિશન પેટે ઘણો ફાયદો થશે તેવી બાંહેધરી આપી હતી. અગાઉથી નક્કી કર્યા મુજબ આ અંગેનો પ્લાન સુરતમાં કરી ફરિયાદીએ તેમના સગા સંબંધીઓ પાસેથી મેળવેલી રૂપિયા બે કરોડ કરન્સીનું રોકાણ કરવા માટે 4 ફેબ્રુઆરી 2022 ના રોજ સેન્ટ્રલ બજાર ખાતે આવેલ શ્રી સિદ્ધિ એન્ટરપ્રાઝ નામની આંગણીયા પેઢીમાં આ રૂપિયા બે કરોડની રકમ ગણીને આપી હતી, તેમ છતાં આરોપીઓએ પ્લાન મુજબ ફરિયાદીના એજન્ટ લક્ષ્મીનારાયણના ખાતામાં આ રકમ ટ્રાન્સફર નહીં કરી અને આરોપી પિન્ટુ કુમાર ઝા, અમિત તથા સુમનસિંગે અગાઉથી રચેલ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે આરોપીઓ સાથેના બીજા અજાણ્યા ઈસમોએ મારામારી કરીને બે કરોડ રૂપિયાની લૂંટ કરી નાસી છૂટ્યા હતા. આ ગુનાની તપાસ સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવી રહી હોય તપાસમાં સમીર યુનુસ વોરાની સંડોવણી જણાય આવી હતી. જોકે સુરત ક્રાઈમ બ્રાન્ચને તેનો અતો પતો લાગ્યો ન હતો. દરમિયાન વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોક્કસ માહિતીને આધારે લૂંટના ગુનામાં ચાર વર્ષથી ફરાર આરોપી સમીર વોરાને આણંદના 100 ફૂટ રોડ દિયા સિનેમા કોમ્પલેક્ષ ખાતેથી ઝડપી પાડી સુરત ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવ્યો હતો.

છોટાઉદેપુરના દારૂ ગુનાનો વોન્ટેડ રીઢો આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

છોટાઉદેપુરના તેજગઢ ખાતે નાયરા પેટ્રોલ પંપ ત્રણ રસ્તા પાસેના હાઈવે રોડ ઉપરથી વિદેશી શરાબના જથ્થા ભરેલી કાર સાથે પોલીસે એક ઈસમને ઝડપી પાડ્યો હતો. આ કેસમાં દારૂ મંગાવનાર વડોદરાના વાઘોડિયા રોડ ખાતે ઉકાજીના વાડીયામાં રહેતા અજય ઉર્ફે વીકી ગાયકવાડને ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડી છોટાઉદેપુર પોલીસ મથકને હવાલે કરવામાં આવ્યો હતો. છોટાઉદેપુરના તેજગઢ ખાતે નાયરા પેટ્રોલ પંપ ત્રણ રસ્તા પાસે હાઈવેના રોડ પરથી પોલીસે એક ઈસમને વિદેશી શરાબના જથ્થા ભરેલી કાર સાથે ઝડપી પાડી આ દારૂનો જથ્થો તેમજ કાર સાથે 1.33 લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ દરમિયાન વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયેલ અને વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર વડોદરાના વીકી નામના ઈસમ સામે પ્રોહીબીશન એક્ટ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.

વધતી ગરમી વચ્ચે બનાવોમાં ઉછાળો ABS ટાવરના એસીમાં લાગી આગ

112 પોલીસ અને ફાયર વિભાગના સંકલનથી આગ પર મેળવાયો કાબૂ; શોર્ટ સર્કિટ કારણભૂત હોવાનું અનુમાન

(પ્રતિનિધિ) વડોદરા તા.22

શહેરમાં ઉનાળાની શરૂઆત થતાં જ તાપમાનના પારા સાથે આગ લાગવાના બનાવોમાં પણ ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. આજે શહેરના પોશ ગણાતા ઓલ્ડ પાદરા રોડ પર આવેલી જાણીતી કોમર્શિયલ બિલ્ડીંગ 'ABS ટાવર' માં આગ લાગવાની ઘટના બનતા અફરાતફરી મચી ગઈ હતી. શોર્ટ સર્કિટને કારણે એસીના કોમ્પ્રેસરમાં લાગેલી આગ પર ફાયર બ્રિગેડે સમયસૂચકતા વાપરી કાબૂ મેળવતા મોટી જાનહાનિ ટળી હતી.

મળતી માહિતી મુજબ, ઓલ્ડ પાદરા રોડ પર સ્થિત ABS ટાવરમાં અચાનક એસીના કોમ્પ્રેસર યુનિટમાં આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ધુમાડાના ગોટા ઉડતા બિલ્ડીંગમાં રહેલા લોકોમાં ફાળ પડી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની વડી વાડી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી ટૂંકા સમયમાં આગને વધુ પ્રસરતી અટકાવી હતી અને તેના પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

સયાજીગંજ વિધાનસભા વિસ્તારમાં વિકાસકાર્યોના ખાતમુહૂર્ત-શુભારંભ

(પ્રતિનિધિ) વડોદરા તા.22

સયાજીગંજ વિધાનસભાના વોર્ડ નં. 8, 9 અને 11 વિસ્તારમાં ગુજરાત સરકાર, વડોદરા મહાનગરપાલિકા તથા ધારાસભ્ય કેયુરભાઈ રોકડિયાની સંયુક્ત ગ્રાન્ટમાંથી વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને શુભારંભનો કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાત સરકાર અને વડોદરા મહાનગરપાલિકાની સંયુક્ત ગ્રાન્ટમાંથી અંદાજે રૂ.10.06 કરોડના ખર્ચે 72 વિકાસકાર્યો તેમજ સ્વર્ણિમ ગ્રાન્ટમાંથી રૂ.2.01 કરોડના ખર્ચે 6 વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા. એકસાથે 72 સોસાયટીઓમાં રોડ, પેવર બ્લોક, પાણી અને ગટરની લાઈનોના કામો શરૂ થતાં એક નવો ઈતિહાસ રચાયો હોવાનું જણાવાયું હતું. આ ઉપરાંત દશામાં તળાવના નવીનીકરણ, પાણીની ટાંકી, સંપ તથા ગાર્ડનના વિકાસકાર્યોનો અંદાજે રૂ.39.26 કરોડના ખર્ચે શુભારંભ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય કેયુરભાઈ રોકડિયાએ જણાવ્યું હતું કે, આ તમામ કામોથી વિસ્તારના નાગરિકોને આધુનિક સુવિધાઓ, સુધારેલ પાણી પુરવઠો અને સુવિધાસભર પર્યાવરણ મળશે.

વડોદરા કરશે 72મી સિનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશિપની યજમાની

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

વડોદરા શહેર વધુ એક નેશનલ લેવલની રમતગમત સ્પર્ધાની યજમાની કરવા તૈયાર છે. એમેચ્યોર કબડ્ડી ફેડરેશન ઓફ ઈન્ડિયા (AKFI)ના નેજા હેઠળ ગુજરાત સ્ટેટ કબડ્ડી એસોસિએશન અને વડોદરા કબડ્ડી એસોસિએશન દ્વારા આયોજિત ચાર દિવસીય *72મી સિનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશિપ 2026 (મેન્સ)*નું આયોજન તા. 24 ફેબ્રુઆરીથી 27 ફેબ્રુઆરી 2026 દરમિયાન વડોદરાના સમા ખાતે આવેલા એસએજી ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે કરવામાં આવશે.

આ ચેમ્પિયનશિપમાં દેશભરના રાજ્યો અને સંસ્થાઓની કુલ 32 ટીમો ભાગ લેશે, જેમાં 512 વર્લ્ડ-ક્લાસ ખેલાડીઓ અને 40 અધિકારીઓ સામેલ રહેશે. સ્પર્ધામાં પ્રો-કબડ્ડીના સ્ટાર ખેલાડીઓ પોતાના રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. ચાર દિવસ ચાલનારી સ્પર્ધામાં દરરોજ રોમાંચક મુકાબલા યોજાશે. ગુજરાત સ્ટેટ કબડ્ડી એસોસિએશનના ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી અને એકલવ્ય એવોર્ડી તુષાર આરોઠેએ જણાવ્યું હતું કે, આ ચેમ્પિયનશિપ દરમિયાન આગામી સપ્ટેમ્બર મહિનામાં યોજાનાર એશિયન ગેમ્સ માટે ભારતની સંભવિત ટીમની પસંદગી કરવામાં આવશે. સ્પર્ધામાં અર્જુન એવોર્ડી, દ્રોણાચાર્ય એવોર્ડી અને પદ્મશ્રી ખેલાડીઓ પણ હાજરી આપશે. વડોદરા શહેર દ્વારા આ સ્પર્ધાની યજમાની રમતગમત ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

સ્ટર્લિંગ હોસ્પિટલ્સમાં સૌપ્રથમ ઓપીડી નાઈટ ડાયાલિસિસ યુનિટ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

સ્ટર્લિંગ હોસ્પિટલ્સે વડોદરાના રેસ કોર્સ રોડ સ્થિત પોતાના સેન્ટરમાં શહેરનો સૌપ્રથમ ઓપીડી નાઈટ ડાયાલિસિસ યુનિટ શરૂ કર્યો છે. આ પહેલ ડાયાલિસિસ સારવારને વધુ ફ્લેક્સિબલ, સરળતાથી ઉપલબ્ધ અને દર્દી કેન્દ્રિત બનાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે. યુનિટનું ઉદ્ઘાટન વડોદરાના સાંસદ હેમાંગ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્ટર્લિંગ હોસ્પિટલ્સ-રેસ કોર્સ રોડના એવીપી અને ફેસિલિટી ડિરેક્ટર હરપ્રીત સિંહ તથા રીનલ સાયન્સ ટીમના નિષ્ણાત ડોક્ટરો હાજર રહ્યા હતા. નવો નાઈટ ડાયાલિસિસ યુનિટ ખાસ કરીને નોકરી કરતા અને વ્યસ્ત જીવનશૈલી ધરાવતા દર્દીઓ માટે ઉપયોગી રહેશે, જેથી તેઓ રાત્રિના સમયે આયોજનબદ્ધ ડાયાલિસિસ કરાવી દિવસ દરમિયાન પોતાના કામકાજ ચાલુ રાખી શકશે. આ યુનિટમાં 30 બેડ, આધુનિક ડાયાલિસિસ મશીનો, અદ્યતન આરઓ વોટર પ્લાન્ટ, 24x7 તાલીમપ્રાપ્ત સ્ટાફ અને ઈમરજન્સી બેકઅપની સુવિધા ઉપલબ્ધ છે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સના એમડી અને સીઈઓ સંતોષ મરાઠેએ જણાવ્યું હતું કે, આ સેવા દર્દીઓ અને તેમના પરિવારજનો પરનો ભાર ઘટાડશે તથા વડોદરામાં ગુણવત્તાયુક્ત રીનલ કેરને વધુ સુલભ બનાવશે.

એસ.એસ.જી. હોસ્પિટલ : નિરીક્ષણ માટે સજાવટ, વાસ્તવિકતા માટે આંખ મીંચોલી

એસ.એસ.જી.ના વાકચાતુર્ય ધરાવતા, ડીન અને સુપ્રિટેન્ડેન્ટ બંને ઘોડે સવારી કરતા વડાએ નાભનું ઈન્સ્પેકશન આવવાની ખબર પડતાં જ હોસ્પિટલને 'મોડલ હોસ્પિટલ' બનાવી દેવાના તમામ પ્રયાસો કરી લીધા. રંગરોગાન, સફાઈ, ફાઈલ ગોઠવણ, સ્ટાફને એલર્ટ-બધું જ થયું. ત્રણ દિવસ સુધી જાણે હોસ્પિટલ નહીં પરંતુ શૂટિંગ સેટ તૈયાર કરવામાં આવ્યો હોય તેમ દ્રશ્ય હતું.

પરંતુ ત્રણ દિવસના પ્રયાસો પછી પણ એક કડવી હકીકત છે-વાસ્તવિકતા મેકઅપથી છુપાતી નથી.

પોતાના હાથે બનાવેલી બિલ્ડિંગમાં જો પાંચ જ વર્ષમાં પાણી ટપકતું હોય તો પ્રશ્ન એક જ થાય- જવાબદારી કોની? કે પછી પાણી પણ હવે "સરકારી પ્રક્રિયા" મુજબ ટપકવાનું હોય? મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી હોસ્પિટલમાં સફાઈ કામદારો ગાયબ છે, પરંતુ દર્દીના સગા હાજર છે. વ્હીલચેર ધકેલવાનું કામ પણ હવે "પરિવાર સેવા યોજના" હેઠળ આવી ગયું હોય એવું લાગે છે. દર્દી દાખલ થાય એટલે સાથે એક સહાયક ફરજિયાત-નહીંતર સારવાર અધૂરી!

માત્ર નેતાઓને સાચવી લેવાથી હોસ્પિટલ ચાલતી નથી સાહેબ, દર્દીઓને પણ સાચવવા પડે. ગયા વર્ષે ઉનાળામાં કૂલર ભાડે લાવવામાં આવ્યા હતા,

આ વર્ષે પણ એ જ સ્ક્રિપ્ટ ફરીથી ચલાવવાની પૂરી તૈયારી દેખાય છે. સ્થાયી વ્યવસ્થા કરવાની જગ્યાએ ભાડે ચાલતું આરોગ્ય તંત્ર-વાહ! બપોર પછી પ્રોફેસર અને આસિસ્ટન્ટ પ્રોફેસર અચાનક "અદૃશ્ય" થઈ જાય છે. કામ બધું રેસિડેન્ટ ડોક્ટરો પાસે ઠેલાઈ જાય છે. વરિષ્ઠ ડોક્ટરો હોસ્પિટલમાં નહીં પરંતુ પ્રાઈવેટ પ્રેક્ટિસમાં વધુ "એક્ટિવ" રહે છે. સરકારી પગાર અને ખાનગી કમાણી-ડબલ લાભ યોજના જાણે ખુલ્લેઆમ અમલમાં છે.

નાભ ઈન્સ્પેકશન વખતે બધું "સારું અને સુંદર" દેખાડવાનો પ્રયાસ થયો,

પણ પ્રશ્ન એ છે- ઈન્સ્પેકશન માટે હોસ્પિટલ ચાલે છે કે દર્દીઓ માટે?

જો ખરેખર સુધારો કરવો હોય, તો રંગીન પડદાની પાછળ છુપાયેલી હકીકત બદલવી પડશે. નહિતર ઈન્સ્પેકશન આવશે, જશે

અને દર્દીઓ ફરીથી એ જ હાલતમાં રહેશે.

દારૂબંધીની આડઅસર, વડોદરાને બદલે અન્ય રાજ્યોમાં ડેસ્ટિનેશન વેડિંગનો ટ્રેન્ડ



વડોદરાના માલેતુજારો હવે પોતાના સંતાનોના ડેસ્ટિનેશન વેડિંગ ગુજરાતની બહાર રાખે છે, કારણ કે હાઈ પ્રોફાઈલ મહેમાનોને આશીર્વાદ સાથે લીંબુ પાણી પીવડાવી "એન્જોય" કરાવવાની અપેક્ષા કોઈ રાખતું નથી. તેમને દારૂ તો પીરસવો જ પડે. અહીંના મોટા ગજાના પરિવારોના પ્રસંગોમાં દારૂના મુદ્દે અગાઉ જે હેરાનગતિ અને બદનામી અગાઉ ભોગવવાની થઈ હતી , તે ફરી સહન કરવા કોઈ તૈયાર નથી. એટલે હવે કોઈ રિસ્ક નહીં-ઉદયપુર, જયપુર કે ગોવા વધારે સલામત લાગે છે, જ્યાં લગ્ન એટલે લગ્ન હોય છે, તપાસ અભિયાન નહીં. પરિણામે લગ્નનું કાર્ડ વડોદરાનું છપાય છે, પણ ખર્ચનું આખુ બિલ બહારના રાજ્યમાં જાય છે અને વડોદરા માત્ર શુભેચ્છા આપતું શહેર બની રહે છે.

આ દારૂબંધીનો સીધો ફટકો વડોદરાના હોટેલ, રેસ્ટોરન્ટ અને ઈવેન્ટ ઉદ્યોગ પર પડી રહ્યો છે, પરંતુ એ ઉદ્યોગોએ ફરિયાદ પણ શાંતિથી કરવી પડે છે-કારણ કે સંસ્કાર વચ્ચે ધંધાની વાત કરવી અસભ્ય ગણાય. મોટા લગ્ન, ડેસ્ટિનેશન વેડિંગ અને કોર્પોરેટ ઈવેન્ટ એક પછી એક બહાર ખસેડાઈ રહ્યા છે, જ્યારે અહીંના કર્મચારીઓ બેરોજગારી અને અનિશ્ચિતતામાં ધકેલાઈ રહ્યા છે. દારૂબંધીને કારણે ગુજરાતને દર વર્ષે અંદાજે 1500 કરોડ રૂપિયાનું નુકસાન થાય છે, છતાં નીતિમાં ફેરફારની ચર્ચા થાય એટલે તરત જ નૈતિકતાની ફાઈલ ખૂલે છે-નુકસાન ભલે આર્થિક હોય.

વડોદરામાં NRI મહેમાન આવે ત્યારે તેમને માત્ર પાંચ દિવસની લાયસન્સ આધારિત છૂટ મળે છે અને તે પણ એવી પ્રક્રિયા સાથે કે લગ્ન પૂરા થાય, મહેમાન પરત જાય અને પરમિટ હજુ ટેબલ પર જ રહે. પરિણામે શહેરની ઈમેજ પ્રગતિશીલ નહીં પરંતુ સંકોચભરી બની રહી છે. દારૂબંધીથી દારૂ બંધ થયો નથી, પરંતુ વ્યવસાય બંધ થવા લાગ્યા છે, રોજગાર ઘટી રહ્યો છે અને યુવાનો માટે તકો સીમિત થઈ રહી છે. આજે વડોદરામાંથી લગ્ન બહાર જાય છે, કાલે કદાચ રોકાણ પણ બહાર જશે, પરંતુ દારૂબંધી યથાવત રહેશે-કારણ કે અહીં સમસ્યાઓ ઉકેલવા કરતાં તેને "એડજસ્ટ" કરવાની આદત વધારે મજબૂત બની ગઈ છે.

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

વડોદરા ભાજપમાં 'ઝભ્ભા પકડ' મહોત્સવ, ગાંધીનગરથી ફટકાર: "સેલ્ફી નહીં, સર્વિસ બતાવો!"

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગતા જ સંસ્કારી નગરી વડોદરાના રાજકારણમાં અચાનક તાપમાન વધી ગયું છે. ખાસ કરીને સત્તાધારી ભાજપમાં હાલ જે આંતરિક ઉથલપાથલ ચાલી રહી છે, તેણે વર્ષોથી આરામની ખુરશી પર બેઠેલા અનેક દિગ્ગજોની ઊંઘ હરામ કરી નાખી છે. કારણ સાદું છે-આ વખતે ગાંધીનગરથી સ્પષ્ટ સંદેશ આવ્યો છે: "ઝભ્ભા પકડવાથી ટિકિટ નહીં મળે, કામ બતાવો!"

ચૂંટણી નજીક આવતા જ વડોદરાના કેટલાક અનુભવી અને કેટલાક 'અતિ અનુભવી' નેતાઓએ પોતાના જૂના ગોડફાધરોના ઝભ્ભા પકડીને ગાંધીનગરની દોડાદોડી તેજ કરી દીધી છે. કોઈ ચા પર, કોઈ ચેમ્બરમાં, તો કોઈ ફોટા સાથે સોશિયલ મીડિયા પર પોતાની હાજરી નોંધાવી રહ્યો છે. પરંતુ પ્રદેશ નેતૃત્વે આ વખતે ઠંડા મગજથી સ્પષ્ટ કરી દીધું છે કે ટિકિટની થાળી હવે લોબિંગના જોરે નહીં પીરસાય. આશીર્વાદનો સમય પૂરો, હવે હાજરી નહીં-હિસાબ માગવામાં આવશે.

*ભાજપના આંતરિક વર્તુળોમાં સૌથી વધુ ચર્ચા 'નો રિપીટ' થિયરીની છે. જે નેતાઓ બે-બે, ત્રણ-ત્રણ ટર્મથી પાલિકાને પોતાની જાગીર સમજી બેઠા છે અને પોતાને 'અનિવાર્ય' માનતા આવ્યા છે, તેમના માટે આ સમાચાર કોઈ રાજકીય ભૂકંપથી ઓછા નથી. યુવા લોહીને તક આપી પક્ષમાં નવી ઉર્જા ફૂંકવાનો આદેશ છે, અને જૂના ચહેરાઓને હવે આરામ કરવાની સલાહ જાણે